| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૬/03/૨૦૨૨ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૪૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/03/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૨ | 0 | ૧૩૨ | ૪૦૯ | 0 | ૪૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૮૫ | 0 | ૧૦૦૬૮૫ | ૧૦૯૫૮૭ | 0 | ૧૦૯૫૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૩,૮૩,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૧૬,000/- |

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૪૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૩૬૩ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૪ બિયર ટીન, ૨ રિક્ષા, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૪૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૫૦/૨૦૨૨**

**નારોલઃ** અશોકકુમાર પ્રભુલાલ મહેશ્વરી (રહે. પુષ્પક-૨ સોસાયટી ખારાવાલા કંપાઉન્ડ પાસે ઈસનપુર વટવા રોડ, નારોલ) એ તા.૨૫/03/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/0૨/૨૦૨૨ રાતના ૧૧/૪૫ થી તા.૨૦/0૨/૨૦૨૨ ના કલાક ૮/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીની ગ્રીલ તોડી એક પુરૂષ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન, ઘડીયાળ નંગ-૨ અને રોકડ રૂપિયા ૫૪,000/- મળી કુલ રૂપિયા ૬૮,૨00/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૫૧/૨૦૨૨**

**દાણીલીમડાઃ** દેવેન્દ્રભાઇ જસુભાઇ ઓડ (રહે. ઓડની ચાલી, પ્રવિણનગર, વાસણા) એ તા.૨૫/03/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/03/૨૦૨૨ બપોરના ૪/00 થી તા.૨૦/03/૨૦૨૨ કલાક ૭/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા સુએઝફાર્મ રોડ ગુલાબનગર પાછળ આવેલ સોમનાથ એસ્ટેટ ખાતેના ખુલ્લા મેદાનમાંથી ટાટા કંપનીના બે ટ્રક પૈકી એક ટ્રક નંબર જીજે ૦૧ સીએક્સ ૩૩૪૩ કિંમત રૂપિયા ૪,૨0,000/- અને બીજો ટ્રક નંબર જીજે ૩૮ ટી ૧૯૮૯ કિંમત રૂપિયા ૪,૯0,000/- ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૫૨/૨૦૨૨**

**ઘાટલોડીયાઃ** જસ્ટીન સ/ઓ ફીલીપ્સ રોસવાન (ઉ.વ.૪૯) (રહે. વૃંદાવન એપાર્ટમેન્ટ બીના પાર્ક સોસાયટી સામે ઘાટલોડીયા ગામ ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૫/03/૨૦૨૨ બપોરના 3/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ધાબા ઉપરથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ધર્મેશ જસવંતભાઈ દંતાણી (ઉ.વ.૨૨) (રહે. ગોલ્ડન પેલેસ ફલેટ સહજાનંદ સ્કુલ સામે બાપાસીતારામ ચોક નવા નરોડા) એ બીમારીથી કંટાળી તા.૨૫/03/૨૦૨૨ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેશંગભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.